ક્રમાંક :એન.એ./એસ.આર./૨૪/૨૦૦૭–૨૦૦૮,

જમીન/ડી/વશી/ ૨૭ /૨૦૦૮
કલેકટર કચેરી,ચીટનીશ શાખા,
વડોદરા તા. ૪ / ૧ /૨૦૦૮

: વાંચ્યા :

(૧) અરજદારશ્રી સંજય રમણભાઈ પટેલની મોજે દંતેશ્વર તા.વડોદરાના સ.નં.૬૮૫,ટીપી નં.૩ ફાયનલ પ્લોટ નં. ૧૦૨૭ ની ૩૨૯૭ ચો.મી.જમીનની વાણીજયનાં હેતુ માટે બીનખેતીની પરવાનગી મેળવાની તા.૯/૧૦/૨૦૦૭ની માંગણી.

(૨) મામલતદારશ્રી વડોદરા શહેરનાં પત્રાંક નં.જમીન/વશી/૪૦૨૨/૨૦૦૭, તા.૨૪/૧૨/૨૦૦૭ થી આવેલ દરખાસ્તનાં કાગળો.

(૩) અત્રેની (જ.સુ.શાખા) કચેરીના હુકમ નંબર ટેનન્સી/એ/વશી/૭૨૮૬/૨૦૦૭,તા.૭/૯/૨૦૦૭

(૪) જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫

(૫) જમીન મહેસુલ નિયમોનાં નિયમ–૮૧(૨)

(૬) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃબખપ/૧૦–૨૦૦૧/૨૬૮૫/ક, તા.૧૬/૨/૨૦૦૪

(૭) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા.૭/૮/૯૯નાં પરિપત્ર અન્વયે જમીનધારકશ્રીએ રજુ કરેલ તા.૬/૧૦/૨૦૦૭નું સોગંદનામું.

: હુકમ :

(૧) મોજે દંતેશ્વર તા.વડોદરાના સ.નં.૬૮૫,ટીપી નં.૩ ફાયનલ પ્લોટ નં. ૧૦૨૭ની ૩૨૯૭ ચો.મી.ખેતીની જમીન શ્રી સંજય રમણભાઈ પટેલના ખાતે ચાલે છે.

(૨) યુ.એલ.સી. હેઠળ ફાજલ જમીનનાં કબજા સંભાળ્યાના લીસ્ટથી ખાત્રી કરતા આ જમીનનો સમાવેશ થતો નથી.જમીન ધારકશ્રીએ તા.૬/૧૦/૨૦૦૭ના સોગંદનામાથી જાહેર કર્યા મુજબ આ જમીનનો કબજો પોતાની પાસે છે.તથા કોઈપણ કોર્ટમાં વિવાદ પેન્ડીગ નથી તેમ જાહેર કરેલ છે.

(૩) સવાલવાળી જમીનને અત્રેની કચેરીના વંચાણ–૩ના હુકમથી રહેણાંકના હેતુ માટે ગ.ધા.કલમ–૪૩/૬૩ હેઠળ શરતફેર થયેલ છે.જેથી જમીન જુની શરતની છે અને ગણોતધારા હેઠળ મંજુરી મળેલ છે.

(૪) વડોદરા મ્યુનિ. કોર્પોરેશનમાં સુચિત લેઆઉટ પ્લાન ચકાસણી માટે જમા કરાવ્યા અંગે સ્કુટીનીટી ફી તા.૧૬/૧૦/૨૦૦૭નાં રોજ જમા કરાવી તેની પહોંચ નં.૩૭૫૫૩ તથા સૂચિત લે આઉટ પ્લાન/ નકશા રજુ કરેલ છે.

મામલતદારશ્રી વડોદરા શહેરએ તપાસ કરતાં આ જમીન ઉપર બીનપરવાનગીનું બાંધકામ કે બીનખેતીનો ઉપયોગ થયો નથી.કબજેદારે પરવાનગી આપતાં ઠરાવવામાં આવે તે શરતો મુજબ વર્તવા તથા ઠરાવે તે દિ.ધારો ભરવા સંમતિ જવાબ આપેલો છે. તથા વાણીજ્ય હેતુ ... ચો.મી.રૂા.૧–૦૦ પૈસા પ્રમાણે તથા પ્રવર્તમાન દરે લોકલફંડ તથા શિક્ષણ ઉપકર અને રૂપાંતરકર ભરવાની શરતે બીનખેતી પરવાનગી આપવા ભલામણ કરેલ છે.

(૬) આ જમીન સંપાદનની કાર્યવાહી હેઠળ નથી એવું જમીન સંપાદન અધિ.શ્રીઓએ જણાવેલ છે.

કલેકટર ★ વડોદરા.
NOTARY Nagin S. Gohil Reg.No.2923/05 Area Vadodara GOVT. OF INDIA

(૭) ખાતેદારે વાણીજયના દર ચોં.મીટરે રૂા.૩૦–૦૦ પ્રમાણે ૩૨૯૭ ચોં.મી. જમીનના રૂપાંતર કરની રકમ રૂા.૯૮,૯૧૦/–(અંકે રૂપિયા અઠાણું હજાર નવસો દસ પુરા)સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં "૦૦૩૫" સદરે તા.૩૧/૧૨/૨૦૦૭ના રોજ જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે. તેમજ સીટી સર્વે કચેરીમાં માપણી ફીની રકમ રૂા.૧,૦૦૦–૦૦,તા.૩૧/૧૨/૨૦૦૭નાં રોજ જમા કરાવ્યાની અસલ પહોંચ નં.૩૩ રજુ કરેલ છે.

(૮) સબબ,મોજે દંતેશ્વર તા.વડોદરાના સ.નં.૬૮૫,ટીપી નં.૩,ફાયનલ પ્લોટ નં.૧૦૨૭ની ૩૨૯૭ ચો.મી.જમીનના વાણીજયના રૂા.૧–૦૦ પૈસા પ્રમાણે રૂા.૩૨૯૭/--વિ.ધારો તથા અન્ય ઉપકરો પ્રવર્તમાન દરે તા.૧/૮/૨૦૦૭થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે ભરવાની શરતે તથા મહાનગર પાલિકા વડોદરા પાસેથી મંજુર કરેલા નકશા તથા રજાચિઠ્ઠી મેળવી બાંધકામ કરવાની બીનખેતીના વાણિજયનાં હેતુ માટે પરવાનગી આપવા નીચેની વધુ શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

: શરતો :

(૧) જમીન ધારકશ્રીએ વડોદરા મ્યુનિ. કોર્પોરેશન તરફથી મંજુર થયેલ સુચિત નકશા મુજબ/ રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે. તથા મંજુર થયેલ રજાચિઠ્ઠિ તથા નકશાની એક નકલ દિન–૩૦માં રજુ કરવાની રહેશે.

(૨) ટી.પી.સ્કીમની જોગવાઈઓ ફા.પ્લોટનાં ક્ષેત્રફળ મુજબ નકશા મંજુર થયેથી અને મ્યુનિ.દ્વારા કબજો મળ્યા બાદ ફાયનલ પ્લોટમાં મળતી જમીનમાં બાંધકામ કરવાનું રહેશે.

(૩) અન્ય પ્રવર્તમાન ધારાઓ અંગે પરવાનગી લેવાની રહેશે.

(૪) કબજેદારે તા.૬/૧૦/૨૦૦૭નાં સોગંદનામાંથી જાહેર કર્યા મુજબ આ જમીન કે તેનો કોઈ ભાગ કે પ્લોટ સરકારને પ્રાપ્ત કરવાનો થાય તો તે પ્રમાણે કરવા અને ન દાવાની કબુલાત મુજબ બાંધકામની કિંમતનાં વળતરનો હકક થઈ શકશે નહી કે ,સરકાર સામે તે અંગે કોઈ વાંધો કે તકરાર લાવી શકશે નહી. કે સરકારને હુકમનાં કારણે સઘળી જવાબદારીમાંથી મુક્ત રાખવાની રહેશે. આ સોગંદનામું ખોટું ઠરશે તો આપેલ બીનખેતીની પરવાનગી આપોઆપ રદ થયેલ ગણાશે.

(૫) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુંરૂં કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૬) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂં કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ–૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને વસુલ ભરેલો વિ.ધારા વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિં.

(૭) રજાચિઠ્ઠિ,લેઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે દૂર કરાવવામા અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે.અને કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૮) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "એમ" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી

વડોદરા.

NOTARY * GOVT OF INDIA *
Nagin S. Gohil
Reg.No.29230S
Area
Vadodara

ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉકત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૯) જે બાંધકામ કરવામાં આવે તેમાં તૂર્ત સળગી ઉઠે તેવો સ્ફોટક પદાર્થ રાખી શકાશે નહિ.

(૧૦) કોમન પ્લોટ તથા ખુલ્લી જમીન રાખવાની જગ્યામાં બાંધકામ થઈ શકશે નહિ.

(૧૧) સહીયારા કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહીયારી માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલીકીની ગણાશે. તે ઉપર મુળ માલીકનો કોઈ હકક રહેશે નહિ.

(૧૨) બાંધકામનાં નિયમોની જોગવાઈ પ્રમાણે સોસાયટીનાં સહીયારા ઉપયોગ માટે કલબ ઓફીસરનું મકાન,સહકારી ભંડાર બાંધવા કોમન પ્લોટનાં ૧/૬ જેટલા ભાગનાં ક્ષેત્રફળમાં બાંધકામ કરવા પ્લોટ હોલ્ડર ઈચ્છે તો મંજુરી મેળવી તેમ કરી શકશે.

(૧૩) ઉપર પેરા–૧૧ માં જણાવ્યા સિવાયનાં કોઈપણ હેતુ માટે તે સાર્વજનિક ઉપયોગ હોય તો પણ કોમનપ્લોટમાં બાંધકામ કરી શકાશે નહિ.

(૧૪) રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરાજીથી,બક્ષીસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે તબદીલી થઈ શકશે નહિ.

(૧૫) સાર્વજનિક પ્લોટ/રસ્તા સહીતની સમગ્ર જમીનમાં બીનખેતી આકાર પ્લોટો વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદારે અને પ્લોટો વેચાણ કર્યાથી તમામ પ્લોટ હોલ્ડરે પ્રમાણસરે ભરવાની રહેશે.

(૧૬) કોમન પ્લોટ રસ્તાની જમીનનું રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે. તેમ છતાં રસ્તા અને કોમન પ્લોટનો ઉપયોગ તો સોસાયટીનાં રહીશોએ જ સહીયારો કરવાનો રહેશે.

(૧૭) સોસાયટીએ અંદરના રસ્તાઓની પરવાનગીની તારીખથી ચાર વર્ષમાં પુરા પાકા બાંધવા પડશે.તે વિરૂધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૧૮) ખુલ્લી રહેતી જમીનમાં કોઈને અડચણરૂપ ન થાય તે રીતે વૃક્ષારોપણ કરવાનું રહેશે.

(૧૯) જમીન ધારકશ્રીએ "વરસાદી પાણીનાં ભૂગર્ભ વહન/ સંચય માટે દર મકાન / બહુમાળી મકાન (નકશા મંજુર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજુરી મુજબ) દીઠ એકનાં દરે પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે.

(૨૦) **આ જમીનનો વાણીજયના હેતુ સિવાય અન્ય ઉપયોગ અગાઉથી કલેકટરશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય થઈ શકશે નહી. તે વિરૂધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ– ... પગલાં લેવામાં આવશે.**

(૨૧) જમીન ઉપર કરવાના સુચિત બાંધકામનો પ્લાન કેન્દ્ર સરકારની નાગરીક ઉડયન મંત્રાલયની તા.૧૫/૩/૭૯ નાં જાહેરનામાં ધ્વારા મુકવામાં આવેલ પ્રતિબંધો અને જોગવાઈઓ સાથે સુસંગત રહીને તૈયાર કરી સબંધિત સક્ષમ સંસ્થા/સક્ષમ અધિકારી પાસે તે મંજુર કરાવ્યા બાદ મંજુર કરેલા બાંધકામનાં પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે. અને આ રીતે કરવામાં આવેલા બાંધકામમાં ભવિષ્યમાં કોઈ ફેરફારો કે સુધારો વધારો કરવા અંગે બાંધકામનો પ્લાન મંજુર

કરવાનાં પ્રસંગે તથા તેનાં અનુસંધાનમાં બાંધકામ કરવાનું થાય ત્યારે કેન્દ્ર સરકારનાં ઉ: જાહેરનામાંની જોગવાઈઓ અને નિયમોનું પાલન થાય તે પ્રમાણે બાંધકામ કે સુધારા વધા કરવાના રહેશે.

(૨૨) આ જમીનનો વિ.ધારો વાણિજ્યના કામે ૩૨૯૭ ચો.મી. નો દર ચો.મી.નાં રૂા.૧-૦૦ પૈ: પ્રમાણે રૂા.૩,૨૯૭/- તા.૧/૮/૨૦૦૭થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે તા લોકલ ફંડ માટે રૂા.૧,૬૪૯/-તથા શિક્ષણ ઉપકર રૂા.૨,૪૭૩/- વિ.ધારા ઉપરાંત ભરવા રહેશે.તે અંગે કોઠારૂપે પત્રક સામેલ છે.તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૩) માપણી થયેથી જમીનમાં વધઘટ થશે તો તે ઉપરનો વિ.ધારો તથા અન્ય કરો નિયમોનુસા ભરવો પડશે.

(૨૪) ઉપરની કોઈપણ શરત અગર સનદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થ પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદારપાત્ર અને તેનો બાધ લીધા સિવા કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યું

કલેકટર, વડોદરા વતી

સહી/-
કલેકટર વડોદરા

વડોદરા

રજી.પોસ્ટ એ.ડી.થી
પ્રતિ,
શ્રી સંજય રમણભાઈ પટેલ,
૧૮/બી,ઉદયપાર્ક સોસાયટી,
જેતલપુર રોડ,
વડોદરા.

નકલ સવિનય રવાના :- મ્યુનિસીપલ કમિશનરશ્રી, (બાંધકામ શાખા)વડોદરા મહાનગર સેવા સદન, ખંડેરાવ માર્કેટ, વડોદરા તરફ

નકલ જયભારત સહ રવાના :-

(૧) મામલતદારશ્રી વડોદરા શહેર તરફ (હુકમનીનકલ બે પ્રતમાં)
એક પ્રત તાલુકા નમુના નં.૪ માં ઉપજની નોંધ કરાવી ગામ દફતરે રાખવા મોકલવા તથા વિ.ધારાની રકમ સને ૨૦૦૭-૨૦૦૮નાં હિસાબોમાં સાધવા ગામે તા.નં.નં.૨ તથા ૭/૧૨માં વિ.ધારાની નોંધ કરાવવા અને નિયમ પ્રમાણે આગળની તજવીજ કરવા સારૂ.

(૨) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર વડોદરા તરફ. દુરસ્તી થવા સારૂ.

(૩) સીટી સર્વે સુપ્રિ.શ્રી નં.૪ વડોદરા તરફ (કામનાં કાગળો સાથે)
૨/- રેકર્ડ ઓફ રાઈટ્સ અન્વયે આગળની કાર્યવાહી થવા સારૂ અને માપણી ફી વસુલ થયેલ છે જે જાણ સારૂવધ ઘટ હોય તો બે માસમાં રી. કરવા સારૂ.

(૪) બિનખેતી મામલતદારશ્રી વડોદરા તરફ.

(૫) નાયબ નગર આયોજન અધિકારીશ્રી, નર્મદા ભુવન વડોદરા તરફ.

NOTARY INDIA Nagin S. Gohil Reg.No.29239/05 Area Vadodara

મોજે દંતેશ્વર તા.વડોદરાના સ.નં.૬૮૫,ટીપી નં.૩ ફાયનલ પ્લોટ નં. ૧૦૨૭ ની ૩૨૯૭ ચો.મી.જમીનની વાણીજયના હેતુ માટે બીનખેતીની પરવાનગીનું પત્રક.

બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં., ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ	બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનું ક્ષેત્રફળ	નિયમ મુજબ લેવાનો વિશેષ ધારાની રકમ	વસુલ કરવાની વિશેષ ધારાની રકમ	રૂપાંતરકર લેવાની વિગત	લોકલ ફંડની વિગત	શિક્ષણ ઉપકરની રકમ	કોલમ-૪નો વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત.
૧	૨	૩	૪	૫	૬	૭	૮.
મોજે દંતેશ્વર તા.વડોદરાના સ.નં.૬૮૫,ટીપી નં.૩ ફાયનલ પ્લોટ નં. ૧૦૨૭ ની ૩૨૯૭ ચો.મી.જમીન શ્રી સંજય રમણભાઈ પટેલ	ચો.મી. ૩૨૯૭ (વાણિજય)	વાણીજયના હેતુના દરે દર ચો.મી.ના ૧-૦૦ પૈસા પ્રમાણે	રૂ. પૈસા ૩,૨૯૭-૦૦ (અંકે રુપિયા ત્રણ હજાર બસો સતાણું પુરા)	રૂ. પૈસા ૯૮,૯૧૦/- (અંકે રૂપિયા અઠાણું હજાર નવસો દસ પુરા)	રૂ. પૈસા ૧,૬૪૯-૦૦ (અંકે રુપિયા એક હજાર છસો ઓગણપચાસ પુરા)	રૂ. પૈસા ૨,૪૭૩-૦૦ (અંકે રુપિયા બે હજાર ચારસો તોતેર પુરા)	તા.૧-૮-૨૦૦૭ થી

નોંધઃ- રૂપાંતરકરની રકમ રૂા.૯૮,૯૧૦/- (અંકે રૂપિયા અઠાણું હજાર નવસો દસ પુરા) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા વડોદરામાં ચલનથી, તા.૩૧/૧૨/૨૦૦૭નાં રોજ જમા કરાવવામાં આવેલ છે.

રવાના કર્યું
કલેકટર વડોદરા/વતી

કલેકટર વડોદરા.

સહી/-
કલેકટર વડોદરા

TRUE COPY

NOTARY Nagin S. Gohil Reg. No. 2923/05 Area Vadodara GOVT. OF INDIA

NAGIN S. GOHIL
Notary, Vadodara.

નં.ટેનન્સી/એ/વશી/૭૨૮૬/૨૦૦૭
કલેકટર કચેરી, જ.સુ. શાખા,
વડોદરા,તા.૭-૯-૨૦૦૭

વંચાણ:-

(૧) અરજદાર ફતેસિંહ મંગળસિંહ ડોડીયાના વારસ આરતીબેન ફતેસિંહ ડોડીયા તથા પુજા ફતેસિંહ ડોડીયાના કુ.મુ. સંજીવ દિગંબર ભારમ્બે, રહે.અલંકાર એપાર્ટમેન્ટ, સયાજીગંજ, વડોદરાનાએ તેમની મોજે દંતેશ્વર, તા.વડોદરાના સ.નં.૬૮૫ હે.૦-૪૫-૫૩ ના ફા.પ્લોટનં.૧૦૨૭ હે.૦-૩૨-૯૭ વાળી પ્રતિબંધીત શરતની જમીન રહેઠાણના મકાનો બનાવવાના બિનખેતીના હેતુ માટે ગ.ધા.કલમ-૪૩/૬૩ હેઠળ શરતફેર કરી શ્રી સંજયકુમાર રમણભાઈ પટેલ, રહે.૧૮-બી, ઉદયપાર્ક સોસાયટી, જેતલપુર, વડોદરાને વેચાણ કરવા પરવાનગી મળવા તા.૨૪/૧૦/૦૫ તથા તા.૧૦/૮/૦૭ની અરજી.

(૨) મામલતદારશ્રી, વડોદરા, શહેરના પત્રનં.જમીન/વશી/૧૯૯૯/૨૦૦૬ તા.૩૦/૬/૦૬ તથા નાયબ કલેકટરશ્રી, વડોદરાના પત્રનં.જમીન/વશી/૧૯૯૫/૦૬ તા.૧૪/૭/૦૬ થી આવેલ દરખાસ્ત.

(૩) નામદાર સરકારશ્રીના મહેસુલ વિભાગના
  (૧) ઠરાવ અંક ગણત/૧૦૮૦/સંકલન-૪/જ તા.૨૦/૫/૮૦.
  (૨) ઠરાવ અંક નશજ/૧૦૮૧/૨૦૨૩/ઝ તા.૧૩/૭/૮૩.
  (૩) ઠરાવ અંક નશજ/૧૦૮૧/૨૦૨૩/ઝ તા.૨/૧૨/૮૩.
  (૪) ઠરાવ અંક નશજ/૧૦૮૧/૨૦૨૩/ઝ તા.૧૭/૯/૮૪.
  (૫) પરિપત્ર ક્રમાંક ગણત/૨૦૦૦/૨૮૩૭/ઝ તા.૨૮/૩/૨૦૦૧.
  (૬) સરકારશ્રીની મ.વિ.ની યાદી ક્રમાંક ગણત/૨૦૦૬/૪૩૧૦/ઝ તા.૨૮/૪/૦૭ થી મળેલ મંજુરી.

(૪) ગણોતધારાની કલમ- ૪૩ નિયમ - ૨૫ (સી) તથા કલમ-૬૩ નિયમ - ૩૬

// હુકમ //

અરજદાર ફતેસિંહ મંગળસિંહ ડોડીયાના વારસ આરતીબેન ફતેસિંહ ડોડીયા તથા પુજા ફતેસિંહ ડોડીયાના કુ.મુ. સંજીવ દિગંબર ભારમ્બે, રહે.અલંકાર એપાર્ટમેન્ટ, સયાજીગંજ, વડોદરાનાએ તેમની મોજે દંતેશ્વર, તા.વડોદરાના સ.નં.૬૮૫ હે.૦-૪૫-૫૩ ના ફા.પ્લોટનં.૧૦૨૭ હે.૦-૩૨-૯૭ વાળી પ્રતિબંધીત શરતની જમીન રહેઠાણના મકાનો બનાવવાના બિનખેતીના હેતુ માટે ગ.ધા.કલમ-૪૩/૬૩ હેઠળ શરતફેર કરી શ્રી સંજયકુમાર રમણભાઈ પટેલ, રહે.૧૮-બી, ઉદયપાર્ક સોસાયટી, જેતલપુર, વડોદરાને વેચાણ કરવા પરવાનગી મળવા તા.૨૪/૧૦/૦૫ તથા તા.૧૦/૮/૦૭ ની અરજીથી માંગણી કરેલ છે.

મામલતદારશ્રી વડોદરા શહેર તથા નાયબ કલેકટરશ્રી, વડોદરાના વંચાણ-૨ વાળા પત્રથી અરજદારશ્રીની માંગણી મુજબ પરવાનગી આપવા ભલામણસહ દરખાસ્ત આવેલ છે.

મોજે દંતેશ્વર, તા.વડોદરાના સ.નં.૬૮૫ હે.૦-૪૫-૫૩ ના ફા.પ્લોટનં.૧૦૨૭ હે.૦-૩૨-૯૭ વાળી જમીન ફેરફાર નોંધનં.૩૦૩૧ તા.૨૧/૪/૯૫ થી ખરીદ કિંમતની રકમ રૂા.૯૪૨-૦૦ માં મામ.અને કૃષિપંચશ્રી, વડોદરાના ગ.કે.નં.૩૨(ગ)૨૨/૯૫ તા.૧૭/૪/૯૫ ના આદેશ આવ્યા આધારે જમીન ફતેસિંહજી મંગળસિંહજી ડોડીયાને પ્રતિબંધીત શરતે વેચાણ આપવામાં આવેલ છે. નોંધનં.૩૦૫૦ તા.૧૭/૭/૯૫ થી નમુનાનં.૯ નું પ્રમાણપત્ર આવ્યા આધારે બોજો ભરપાઈ થયેલ છે. આમ ખરીદ કિંમતની રકમ ભરપાઈ થઈ ગયેલી છે. નોંધનં.૪૭૧૧ તા.૨૨/૧૨/૯૫ અન્વયે ફતેસિંહજી મંગળસિંહજી ડોડીયા તા.૩૦/૧૧/૦૫ ના રોજ ગુજરી ગયેલા

હોવાથી વારસાઈ હકકે આરતીબેન તે ફતેસિંહ મંગળસિંહની વિધવા (૨) પુજા ફતેસિંહ ડોડીયાના સંયુકત ખાતે દાખલ થયેલ છે.

ઉપરોકત વિગતે સવાલવાળી જમીન ખાતા નંબર ૧૮૮ થી આરતીબેન ફતેસિંહ ડોડીયા વિગેરે કુલ–૨ ના સંયુકત ખાતે ચાલે છે. તેઓ દંતેશ્વર ગામે આ જમીન સહીત કુલ હે.૧ ·૧૨–૩૦ જેટલી જમીન ધરાવે છે. જેથી બિનખેડૂત બનતા નથી.

ગામે ટી.પી.સ્કીમનં.૩ દાખલ થયેલી છે. જેનો ફા.પ્લોટનં.૧૦૨૭ મળેલ છે. ક્ષેત્રફળ ૩૨૫૭ ચો.મી. મળેલ છે.

જમીન માલીકે સર્કલ ઓફિસર રૂબરૂના તા.૧૯/૧૨/૦૫ ના જવાબમાં લખાવ્યા અનુસાર મોજે દંતેશ્વર, તા.વડોદરાના સ.નં.૬૮૫ ની હે.૦–૪૫–૫૩ વાળી જમીન બિનખેતીના રહેઠાણના હેતુ માટે શરતફેર કરી વેચાણ કરવાની પરવાનગી મળવા તા.૨૪/૧૦/૨૦૦૫ થી અરજી કરેલી છે. આ જમીન તેઓને વારસાઈ હકકે મળેલી છે. અને જમીન માલીકનો બોજો ભરપાઈ કરેલો છે. જમીન તેઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે. આ જમીન હાલમા સ્થળે ખુલ્લી અને પડતર છે. જમીનની આજુબાજુ બાંધકામ થઈ ગયેલ છે. જમીન ખાડા ટેકરાવાળી બિનઉપજાવ અને નિમ્નકક્ષાની હોય ખેતી થઈ શકતી નથી. કોઈ પણ કોર્ટમાં કેસ કે અપીલ પેન્ડીગ નથી. કોઈ દિવાની કે મહેસુલી કોર્ટમા કેસ ચાલતો નથી. જમીન સંપાદનની કોઈ કાર્યવાહી ચાલતી નથી કે અમોને નોટીસ પણ મળેલી નથી. શ.જ.ટો.મ.ધારા હેઠળ આ જમીન ફાજલ થયેલી નથી. આ જમીનો બિનખેતીના હેતુ માટે શરતફેર કરી વેચાણ કરવા પરવાનગી આપવામાં આવે તો આજુબાજુના ખેડૂત ખાતેદારોને કોઈ પણ જાતનો વાંધો કે વિરોધ નથી. ખરીદ કિંમત ભરપાઈ કરેલ હોય. ખરીદીનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. તેઓના પ્રત્યક્ષ કબજામાં છે. સરકારશ્રીએ કબજો સંભાળેલ નથી. જે બદલ નિયત નમૂનામાં તા.૩/૧૦/૦૫ ના રોજ સોગંદનામુ રજુ કરેલ છે. ગુજરાત ખેત જમીન મર્યાદાધારા હેઠળ નિયત કરેલ મર્યાદા કરતા વધારે જમીન ધરાવતા નથી તે અંગે સોગંદનામુ રજુ કરેલ છે. જમીન શરતફેરની પરવાનગીના કામે સરકારશ્રી તરફથી જે પ્રિમિયમની રકમ નકકી કરવામાં આવે તે ભરવા તેઓ સંમત છે. અને જે શરતો નિયમો, નિયંત્રણો મુકવામાં આવશે ને તમામનું પાલન કરવા સંમત છે.

સર્કલ ઓફિસર રૂબરૂના તા.૧૯/૧૨/૦૬ ના પંચકયાસમાં પંચોએ લખાવ્યા અનુંસાર મોજે દંતેશ્વર, તા.વડોદરાના સ.નં.૬૮૫ ની હે.૦ ૪૫–૫૩ વાળી જમીન બિનખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા ખેડૂત ખાતેદારોના કુ.મુ.શ્રી સંજય દિગંબર ભોરમ્બેએ અરજી કરેલી છે. સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી છે. તેમા બાંધકામ કરવામાં આવેલ નથી. વડોદરા શહેરી વિકાસના ઝોન સર્ટી મુજબ રહેણાંક ઝોનમાં આવે છે. શ.જ.ટો.મ.ધારા હેઠળ ફાજલ થયેલ નથી. અને ખેડૂત ખાતેદારોના પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળ છે. સદર જમીન અંગે કોઈ સત્તા મંડળ, ટ્રીબ્યુનલ કે ન્યાયાલયમાં કોઈ પણ જાતનો વિવાદ કે કેસ ચાલતો નથી. ખેત જમીન ટોચ મર્યાદા કરતા જમીન વધતી નથી. તે અંગે તા.૩૦/૧૦/૦૫ નુ સોગંદનામુ કરેલ છે. સંપાદનની કોઈ કાર્યવાહી ચાલતી નથી. આ અંગે કોઈ નોટીસ પણ મળેલી નથી. સવાલવાળી જમીનને શરતફેર કરી વેચાણ કરવાની પરવાનગી આપવામાં આવે તો આજુબાજુના ખેડૂત ખાતેદાર કે સંસ્થાને કોઈ પણ જાતનો વાંધો નથી. જમીનની આજુબાજુ રહેણાંકના મકાન થઈ ગયેલા છે. તેમજ આ જમીન ખાડા ટેકરાવાળી, બિનઉપજાવ અને નિમ્ન કક્ષાની હોય, ખેતી થઈ શકતી નથી. જમીનમાંથી વિધુતલાઈન કે હાઈટેન્સન લાઈન પસાર થતી નથી. સવાલવાળી જમીનની હાલની બજાર કિંમત પ્રતિ ચો.મી.ના રૂા.૫૯૩/– ઉપજી શકે તેમ છે.

વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના સર્ટીફીકેટ ક્રમાંકઃપુડાએ/ઝોન સર્ટી./૨૩૩૪/૦૪ તા.૨૯–૧૨–૨૦૦૪ થી આપેલ પ્રમાણપત્ર અનુંસાર સવાલવાળી જમીન રહેણાંક ઝોનમાં આવે છે. તથા ટી.પી.સ્કીમની જોગવાઈઓ મુજબ અમલ કરવાનો રહેશે.

મામલતદાર અને કૃષિપંચશ્રી, વડોદરાના પત્ર નં.ટેનન્સી/વશી/૯૩૦/૨૦૦૫ તા.૧/૨/૨૦૦૬ થી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે ગ.ધા.ક.–૮૪(સી) હેઠળની કોઈ

કાર્યવાહી ચાલતી નથી. જેથી બિનખેતીના હેતુ માટે શરતફેર કરવા પરવાનગી આપવા હરકત સરખું નથી.

ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીઓ તથા મામલતદારશ્રીના રિપોર્ટ મુજબ સવાલવાળી જમીન સંપાદન હેઠળ નથી.

નાયબ કલેક્ટરશ્રી, વડોદરાના તા.૨૦-૧૨-૦૫ના પત્ર નં.શરતભંગ/વશી/૫૨૮૯/૨૦૦૫ થી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે તેઓની કચેરીમાં ગણોતધારા હેઠળ કે અન્ય કાદાના ભંગ હેઠળ કોઈ કેસ નોંધાયેલ નથી.

જમીન માલીકના કુ.મુ.એ તા.૩/૧૦/૨૦૦૬ ના રોજનું નોટરી રૂબરૂનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમા જણાવેલ વિગતે તેઓની પાસે સ.નં.૬૩૯ વાળી જમીન રહે છે. બિનખેડૂત બનતા નથી.

જમીન માલીકના કુ.મુ.એ તા.૩/૧૦/૨૦૦૫ ના રોજનું નોટરી રૂબરૂનું સોગંદનામુ રજુ કરેલ છે. જેમા જણાવ્યા મુજબ શ.જ.ટો.મ.ધારા હેઠળ સવાલવાળી જમીન ફાજલ થયેલી નથી. અને તેનો સરકારશ્રીએ કબજો સંભાળેલ નથી. ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ સોગંદનામુ રજુ કરેલ છે.

અરજદાર આરતીબેન ફતેસિંહ ડોડીયાના કુ.મુ.સંજીવ દિગંબર ભારમ્બે, રહે.અલંકાર એપાર્ટમેન્ટ, સયાજીગંજ, વડોદરાનાએ તા.૧૦/૮/૦૭ ની અરજીથી સવાલવાળી જમીનની પ્રિમિયમની રકમ ભરપાઈ કરવા આપના તા.૨૧/૫/૦૭ ના પત્રથી જણાવવામાં આવેલ છે. આ જમીન તેઓએ નિલેશભાઈ જયન્તીભાઈ પટેલને વેચાણ કરવા પરવાનગી મળવા માંગણી કરેલી છે પરંતુ તેઓ આ જમીન હવે વેચાણ રાખવા સંમત નથી. જેથી હવે તેઓને આ જમીન શ્રી સંજયકુમાર રમણભાઈ પટેલ, રહે.૧૮-બી, ઉદયપાર્ક સોસાયટી, જેતલપુર રોડ, વડોદરાને બિનખેતીના હેતુ માટે વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી તેઓના નામે પરવાનગી આપવા વિનંતી કરેલી છે.

નામ.સરકારશ્રીના મ.વિ.ની યાદી ક્રમાંક ગણત/૨૦૦૬/૪૩૧૦/જ તા.૨૦/૪/૦૭ થી જિલ્લા કક્ષાની મુલ્યાંકન સમિતિની તા.૧૪/૧૧/૨૦૦૬ ની બેઠકમાં નિર્ણય થયા મુજબ સવાલવાળી જમીનની બજાર કિંમત પ્રતિ ચો.મી.ના રૂા.૧૨૨૦/- અંદાજેલ છે. રાજ્ય કક્ષાની મુલ્યાંકન સમિતીએ તેમની તા.૮/૩/૦૭ ની બેઠકમાં મોજે દંતેશ્વરના સ.નં.૬૮૨ વાળી જમીનનું મૂલ્યાંકન રૂા.૧૫૦૦/- પ્રતિ ચો.મી. અંદાજવામાં આવેલ છે. જેને ધ્યાને લઈ પ્રશ્ન હેઠળની જમીનનું મુલ્યાંકન રૂા.૧૫૦૦/- પ્રચિ ચો.મી. નકકી કરેલ છે. આ મુલ્યાંકન પ્રમાણે જમીનની કુલ બજાર કિંમત રૂા.૪૯,૪૫,૫૦૦ (ઓગણ પચાસ લાખ પિસ્તાલીસ હજાર પાંચસો પુરા) થાય છે. સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૦/૧૨/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ ની જોગવાઈ ધ્યાને લેતાં જમીનની ઉકત બજાર કિંમતના ૮૦% લેખે પ્રિમિયમની રકમ રૂા.૩૯,૫૬,૪૦૦/-(અંકે રૂપિયા ઓગણચાલીસ લાખ છપ્પન હજાર ચારસો પુરા) નિયમાનુંસાર વસુલ લઈને સરકારે માત્ર પ્રતિબંધીત શરતના નિયંત્રણો રદ કરવા પુરતી શરતી મંજુરી આપેલી છે. ૮૦% પ્રમાણે થતી પ્રિમિયમની રકમ જમીન માલીકને અત્રેના તા.૨૧/૫/૦૭ થી ભરપાઈ કરી ચલન રજુ કરવા જણાંવતા જમીન માલીકે તા.૧/૬/૦૭ ની અરજીથી ૯૦ દિવસની મુદત વધારી આપવા માંગણી કરતા અત્રેના તા.૨૦/૬/૦૭ ના પત્રથી તા.૨૧/૮/૦૭ સુધીની મુદત વધારી આપવામાં આવેલી છે. જમીન માલીકે પ્રિમિયમની રકમ રૂા.૩૯,૫૬,૪૦૦/- (અંકે રૂપિયા ઓગણચાલીસ લાખ છપ્પન હજાર ચારસો પુરા) તા.૧૭/૮/૦૭ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ઈન્ડસ્ટ્રીયલ શાખા, વડોદરામાં જમા કરાવી ચલનની અસલપ્રત અત્રે રજુ કરેલ છે.

સબબ, નામ.સરકારશ્રીની મંજુરી મુજબ અરજદાર ફતેસિંહ મંગળસિંહ ડોડીયાના વારસ આરતીબેન ફતેસિંહ ડોડીયા તથા પુજા ફતેસિંહ ડોડીયાના કુ.મુ. સંજીવ દિગંબર ભારમ્બે, રહે.અલંકાર એપાર્ટમેન્ટ, સયાજીગંજ, વડોદરાનાએ તેમની મોજે દંતેશ્વર, તા.વડોદરાના સ.નં.૬૮૫ હે.૦-૪૫-૫૩ ના ફા.પ્લોટનં.૧૦૨૭ હે.૦-૩૨-૯૭ વાળી પ્રતિબંધીત શરતની જમીન બિનખેતીના રહેણાંકના હેતુ માટે ગ.ધા.કલમ-૪૩/૬૩ હેઠળ શરતફેર કરી શ્રી સંજયકુમાર

રમણભાઈ પટેલ, રહે.૧૮-બી, ઉદયપાર્ક સોસાયટી, જેતલપુર, વડોદરાને નીચેની શરતોને આધીન ગ.ધા.કલમ-૪૩ તથા નિયમ-૨૫(સી) તથા ગ.ધા.કલમ-૬૩ તથા નિયમ-૩૬ હેઠળ શરતફેર કરી વેચાણ કરવાની પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો:-

(૧) સવાલવાળી જમીનનો બિનખેતીના રહેણાંકના હેતુમાટે શરતફેરની પરવાનગી આપવામાં આવી છે. તે સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરતા પહેલા અત્રેની પુર્વ મંજુરી લેવાની રહેશે.

(૨) આ હુકમ થયા તારીખથી ૬ માસમાં જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ હેઠળ બિનખેતીની પરવાનગી મેળવવા સક્ષમ અધિકારીશ્રી સમક્ષ માંગણી કરવાની રહેશે. અને મંજુરી મળેથી ૩ વર્ષમાં બાંધકામ પુરૂ કરવાનું રહેશે.

(૩) સવાલવાળી જમીન અંગે આ મંજુરી નવી શરતના નિયંત્રણ દુર કરવા પુરતી જ આપવામાં આવે છે. એટલે કે અન્ય કાયદાઓ, નિયમો, હુકમો હેઠળ બીજી જે કોઈ મંજુરી નિયમો અનુસાર લેવાની થતી હોય તે અલગથી લેવાની રહેશે.

(૪) સવાલવાળી જમીનના નજરાણાની ભરપાઈ કરેલ રકમ કોઈપણ સંજોગોમાં રીફંડને પાત્ર રહેશે નહી.

(૫) સવાલવાળી જમીનના નજરાણાની ભરપાઈ કરેલ રકમ ઉપરાંત વધુ રકમ ભરપાઈ કરવાનો ભવિષ્યમાં કોઈ પ્રસંગ ઉદભવે તો તે રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૬) સવાલવાળી જમીન અંગે કોઈ બોજો ભરપાઈ કરવાનો બાકીમાં હશે તો તે ભરપાઈ કરવાનો રહેશે.

(૭) સવાલવાળી જમીનના સર્વે નંબર પૈકી બિનખેતીમાં ફેરવાતા ખેતીના હેતુ માટે જો જમીન બાકી રહેતી હોય, તો આવી જમીન પરત્વે પ્રતિબંધીત સત્તા પ્રકારના નિયંત્રણ ચાલુ રહેશે. તેવી ગામ નમૂનાનં.૭/૧૨ માં તલાટીએ અચૂક નોંધ કરાવવાની રહેશે.

(૮) ઉપરોક્ત શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ થવાના પ્રસંગે આપેલી પરવાનગી આપોઆપ રદ થશે અને ગ.ધા.કલમ-૮૪(સી) હેઠળ પગલા લેવામાં આવશે.

સહી/-
(રાજીવ ટોપનો)
કલેકટર વડોદરા

રવાના કર્યું
[signature]
નાયબ કલેકટર (જ.સુ.)
વડોદરા

રજી.પો.એડીથી.

પ્રતિ,

(૧) ફતેસિંહ મંગળસિંહ ડોડીયાના વારસ
આરતીબેન ફતેસિંહ ડોડીયા તથા પુજા ફતેસિંહ ડોડીયાના કુ.મુ.
શ્રી સંજીવ દિગંબર ભારમ્બે,
રહે.અલંકાર એપાર્ટમેન્ટ, સયાજીગંજ, વડોદરા

(૨) શ્રી સંજયકુમાર રમણભાઈ પટેલ,
રહે.૧૮-બી, ઉદયપાર્ક સોસાયટી, જેતલપુર, વડોદરા

નકલ રવાના:- (૧) મામલતદારશ્રી, વડોદરા શહેર તરફ (બે નકલમાં) ગામ રેકર્ડમાં અમલ કરાવવા સારૂ.

(૨) મામલતદાર અને કૃષિપંચશ્રી, વડોદરા તરફ જાણવા તથા શરતભંગ થયે ગ.ધા.કલમ-૮૪(સી) હેઠળ કાર્યવાહી કરવા સારૂ.

(૩) હુકમની ફાઈલે.

અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ
વડોદરા મહાનગરપાલિકા
દાંડીયાબજાર,વડોદરા .૩૯૦૨૦૯ + ૧૨

ફોનઃ ૨૪૧૩૬૩૫, ૨૪૧૩૭૫૨
૨૪૨૦૮૮૧, ૨૪૧૩૭૫૩
ફેકસઃ (૦૨૬૫-૨૪૨૦૮૮૧)

મહાનગરપાલિકા / પ્રોવિઝનલ

અ.તા.સે.જા.નં./૧૪૨૦/૨૦-૨૧
તા. ૧૯-૧૦-૨૦૨૦

૩૦૭૭

પ્રતિ,
શ્રી ન્યાલકરણ ડેવલોપર્સ(શ્રી સિદ્ધેશ્વર હેલીકોનિયા)
દંતેશ્વર

વિષયઃ મોજેઃ દંતેશ્વર વડોદરા, રે.સ.નં.-૬૮૫,ટી.પી.નં.-૦૩,એફ.પી.નં.-૧૦૨૭ વાળી જમીનમાં કોમર્શીયલ / રેસીડેન્સીયલ હેતુ માટે હાઈ-રાઈઝ બિલ્ડીંગ "**" ઉચાઇ ૨૮.૪૦ મીટર,ગ્રાઉન્ડ+૦૯ માળ,ટાવર-૦૪ ના બાંધકામ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગનું પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. આપવા બાબત.

અનુસંધાનઃ આપશ્રી તરફથી અ.તા.સે.આ.નં. ૩૩૧૭ / તા. ૧૬-૧૦-૨૦૨૦ થી અત્રેની શાખાએ રજૂ કરેલ નક્શા સહીત ફાઈલ લગત.

ઉપરોકત વિષયનાં અનુસંધાનમાં સવિનય સહ જણાવવાનું કે, આપશ્રી તરફથી તા. ૧૬-૧૦-૨૦૨૦ રોજ અત્રેની કચેરીએ પત્ર તથા નકશા સહીત ફાઇલ રજૂ કરી ઉપરોકત વિષયમાં દર્શાવેલ સ્થળ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓવિભાગનું પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. મેળવવા માંગણી કરવામાં આવેલ છે. તે સંદર્ભે સદર કોમર્શીયલ / રેસીડેન્સીયલ, હાઈ-રાઈઝ બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગની સુવિધાઓ કરવા અંગે આ સાથે સામેલ સૂચનો જાહેર સલામતી માટે આપવામાં આવે છે. જેનો ચૂસ્ત અમલ GDCR અનુસાર કરવાનો રહેશે.

સદર સામેલ સૂચનોની પૂર્તતા થયા બાદ તેમજ TDO પત્ર રજુ કરવો, નિયમનુસાર અરજી કરી લાગત ભર્યા બાદ અત્રેથી ફાઈનલ એન. ઓ. સી. આપવામાં આવશે.

TDO પત્ર / રજા ચીઠ્ઠી માં દર્શાવેલ નામ, નંબર (FP / OP / RS / CITY SERVE) નો ઉલ્લેખ ફાયર NOC માં કરવામાં આવશે. આ સિવાયના નામ અને નંબર બાબતે કાયદાકીય ગુચ માટે અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ જવાબદાર રહશે નહિ.

હ. ચીફ ઓફિસર (ફાયર)
મહાનગરપાલિકા
વડોદરા

નકલ રવાનાઃ
શ્રી ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર,
મહાનગરપાલિકા, વડોદરા... નિયમ પ્રમાણે આગળની કાર્યવાહી કરવા સારૂ.

અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ
વડોદરામહાનગરપાલિકા
બહામડીબાગ, વડોદરા . ૩૯૦ ૨૦૯ + ૧૨

ફોનઃ ૨૪૧૩૬૩૫, ૨૪૧૩૭૫૨
૨૪૨૦૮૮૧, ૨૪૧૩૭૫૩
ફેકસઃ (૦૨૬૫-૨૪૨૦૮૮૧)

19-10-20 17:10:46

હાઇ-રાઇઝ /કોમેર્સિઅલ/રેસિડેન્શિયલ બિલ્ડીંગ, મહાનગરપાલિકાની હદમાં આવેલ હોય તેનાં બાંધકામ અંગે

અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગની પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. મેળવવા માટેનાં સૂચનો:

૧. નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઇન્ડીયાનાં ચેપ્ટર-૪માં જણાવ્યા અનુસાર બહુમાળી બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગની સુવિધાઓ નિયમ પ્રમાણે જાહેર સલામતી માટે કરવાની રહેશે.

૨. દરેક ટાવરમાં ફાયર ફાઇટીંગની વેટ રાઇઝર સીસ્ટમ રૂબરૂ ચર્ચા કર્યા પ્રમાણે દરેક દાદર પાસે ૪" ડાયા મીટરની ગેલ્વેનાઇઝ આયર્ન પાઇપ ઓફીસ લાલ કલરથી કલર કરવાનો રહેશે અને અંડર ગ્રાઉન્ડ પાઇપ લાઇનને ડામર પ્લાસ્ટિક કરી કોટીંગ કરવું.

૩. બિલ્ડીંગના દરેક ટાવરના દરેક માળે સ્ટેરકેસ પર બધા જોઇ શકે તેવી જગ્યાએ નિયત ડીઝાઇનનું તથા મેકનું હોઝ બોક્ષતથા ૬૩ mm ડાયા મીટરની હોઝ પાઇપ. બ્રાન્ચ પાઇપ મૂકવા તથા રાઇઝર લાઇન પર ફાયર હાઇડ્રન્ટ લેન્ડીંગ વાલ્વ મૂકવાનાં રહેશે.

૪. બિલ્ડીંગના દરેક ટાવરના દરેક માળે ફાયર એલાર્મ સીસ્ટમની પીલ બોક્ષ પ્રકારની સ્વીચ તથા આખા બિલ્ડીંગમાં સાંભળી શકાય તે પ્રમાણે ઓલ્ટરનેટ ફલોર પર ફાયર એલાર્મ બેલ મૂકવાનો રહેશે તથા સ્વીચ પાસે લાલ કલરનાં અક્ષરથી ફાયર એલાર્મ લેટરીંગ બધાં વાંચી શકે તે પ્રમાણે કરવાનું રહેશે.

૫. બિલ્ડીંગના દરેક ટાવરના દરેક માળે આઇ. એસ. આઇ. માર્કાનાં ૬ કે.જી.ની ક્ષમતા વાળુ ડ્રાય કેમીકલ પાઉડર ફાયર એક્સ્ટીંગયુઝર્સ નંગ-૦૧ તગા ૯ લીટરની ક્ષમતા વાળું વોટર ટાઇપ ફાયર એક્સ્ટીંગયુઝર્સ નંગ-૦૧ મૂકવું તથા તેના પર બિલ્ડીંગનું નામ લેટરીંગ કરવું.

૬. નકશામાં બતાવેલ રસ્તાઓ પરથી હાઇડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મથી ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરીમાટે ઓપરેટ થઇ શકે તે માટે પૂરતી પહોળાઇ. લંબાઇ તથા કોઇપણ પ્રકારનાં અડવણ વિનાનો રસ્તો માટે GDCRમાં બતાવ્યા અનુસાર રાખવાનો રહેશે અને તે અડચણ વિનાનો ખુલ્લો રાખવાનો રહેશે.

૭. દરેક ટાવરના દરેક માળે પુરતી પહોળાઇનાં દાદર એવી રીતે રાખવા કે જે ટ્રાવેલ ડીસ્ટન્સથી ૨૨.૫ મીટરની વધે નહીં.

૮. દરેક ટાવરમાં પાર્કીંગ ફકત ગ્રાઉન્ડ ફલોર પર હોય ફાયર હાઇડ્રન્ટ સીસ્ટમ જી.આઇ.પાઇપમાં કરીને અમારી સૂચના પ્રમાણે પાર્કીંગમાં ફાયર હાઇડ્રન્ટ તથા તેના સાધનો વિગેરે મૂકવાના રહેશે.

૯. દરેક ટાવરમાં ફાયર હાઇડ્રન્ટ રાઇઝર લાઇન ઉપર જરૂર પડયે લાઇન બંધ કરવા માટે આઇસોલેટીંગ વ્હીલ વાલ્વ પર ૪ ફૂટની ઉંચાઇ પર મૂકવાનો રહેશે.

૧૦. દરેક ટાવરના ફાયર ફાઇટીંગના દરેક પ્રકારનાં સાધનો ઉપર જે તે બહુમાળી બિલ્ડીંગનું નામ લેટરીંગ / પેઇન્ટીંગ કરાવવાનું રહેશે.

૧૧. દરેક ટાવરના ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડના વાહનો ઝડપી અને સહેલાઇથી એપ્રોચ થઇ શકે તે માટે સાઇડ તથા ફ્રન્ટ માર્જીનનો ૫૦ ટન વજનની ક્ષમતાં વાળો એપ્રોચ રસ્તો નકશામા દર્શાવ્યા પ્રમાણેનો ખુલ્લો તથા ઓપન ટુ સ્કાય રાખવાનો રહેશે.

૧૨. દરેક ટવારના બિલ્ડીંગની આગળ તથા બન્ને બાજુએ ફાયર બ્રિગેડના વાહનોનાં ઓપરેશનને નડતર રૂપ રસ્તામાં પડતાં ઝાડ / ઓવર હેડ ટેલિફોન તથા ઇલેકટ્રીક લાઇન પસાર થતી હોય તો તે અડચણ દૂર કરવાની રહેશે.

૧૩. ફાયર પંપ, ફાયર લીફ્ટ, પેસેજ / લોબી / સ્ટેરકેસની લાઇટો, ફાયર એલાર્મ સીસ્ટમ માટે ઇમરજન્સીમાં ઉપયોગ કરી શકાય તેટલી પુરતી ક્ષમતા વાળું ડી.જી. સેટ (જનરેટર / ડીઝલ પંપ) રાખવાનું રહેશે અને તેનાથી પુરતા પ્રેસરથી ફાયર પંપનો ટેસ્ટ આપવાનો રહેશે.

૧૪. દરેક ટાવરની અંડર ગ્રાઉન્ડ ફાયર વોટર ટેન્ક એક લાખ લીટરની તથા ઓવર હેડ વોટર ટેન્ક ૨૦.૦૦૦ લી.ની નિયમ અનુસાર પાણી ભરેલી રાખીને ફાયર પંપ સાથે જોડાણ કરવું અને જી.ઇ.બી. ના ઇલેક્ટ્રીક સપ્લાયથી તથા જનરેટરથી પાણીના પ્રેસર માટે ફાયર પંપનું ટેસ્ટીંગ આપવાનું રહેશે.

૧૫. રસ્તામાં આવતા ડ્રેનેજ, વોટર ટેન્ક તથા કોઇપણ પ્રકારનાં ચેમ્બરનાં ઢાકણા હેવી ડયુટીના અને ઓછામાં ઓછુ ૨૦ ટન વજન વાહનોનું લઇ શકે તેવા મજબૂત ફીટ કરવા.

૧૬. દરેક ટાવરના બિલ્ડીંગના આગળના ભાગે ફોર-વે કલેકટીંગ હેડ (વોટર ઇન્લેટ) ફાયર એન્જીનથી ઇમરજન્સીમાં રાઇઝરમાં પાણી મેળવી શકાય તે માટે મૂકવાનો રહેશે. બિલ્ડીંગની પહોળાઇ વધારે હોય તો બન્ને બાજુ ફોર-વે કલેકટીંગ હેડ લગાવવાના રહેશે. બે થી વધારે ટાવરની સંખ્યમાં દરેક રાઇઝર લાઇન ગ્રાઉન્ડ ફલોર પર ફોર વે કલેકટીંગ હેડ મૂકવો.

૧૭. દરેક ટાવરમાં લીફ્ટ એકટ અંગે સરકારશ્રીના નિયમાનુસાર પુરતી ક્ષમતાની તથા અધિકૃત કંપનીની લીફ્ટ રાખવાની રહેશે અને આ માટે ઇન્સ્પેકશન ઓફ લીફ્ટ, ગાંધીનગરનું ટેસ્ટીંગ દર વર્ષ જાહેર સલામતી માટે કરાવવાનું રહેશે.

૧૮. સદર દરેક ટાવરના બિલ્ડીંગ અંગે અધિકૃત સ્ટ્રકચર એન્જીનીયરશ્રીનું સર્ટીફીકેટ મેળવીને તથા તેઓના માર્ગ દર્શન હેઠળ બાંધકામની મજબુતાઇ માટે તથા ધરતીકંપ જેવી હોનારતમાં ટકી શકે તે પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે તથા અત્રે રજુ કરેલા નકશામાં અત્રેના સૂચનો પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે.

૧૯. બિલ્ડીંગના દરેક ટાવરના દરેક ફ્લોર પર આગ લાગે ત્યારે ધુમાડો જલ્દીથી બહાર નીકળી શકે તે માટે પુરતા પ્રમાણમાં તથા પુરતી પહોળાઇ વાળા વેન્ટીલેશનો ખુલ્લા રાખવાનારહેશે. વચ્ચેના ભાગે પુરતી ક્ષમતાના મોટા એકઝોસ્ટ ફેન મૂકી વેન્ટીલેશન આપો આપ ખુલી જાય તેવી વ્યવસ્થા ગોઠવવી અને આ વ્યવસ્થા જનરેટર પર પણ ચાલે તેવી ખાતરી કરવી.

૨૦. ભીષણ આગ લાગે ત્યારે તથા ઇમરજન્સી માટે જરૂરી એકશન પ્લાન તૈયાર કરીને ફરજ પરના તમામ સ્ટાફને તથા ભોગવટો કરનારને અમલ માટે અને જરૂરી સૂચના / તાલીમ આપવી અને તેનું ચૂસ્ત પાલન કરાવવું.

૨૧. દરેક ટાવરનું દર વર્ષે બિલ્ડીંગમાં રાખવામાં આવેલ ફાયર ફાઇટીંગની સુવિધાઓનું જાહેર સલામતી માટે ટેસ્ટીંગ કરાવી રીન્યુઅલ કરાવવાનું રહેશે.

૨૨. બાંધકામ પુરૂ થયા બાદ નિયમ પ્રમાણે અત્રે લાગત ભરીને ટેસ્ટીંગ કરાવવાનું રહેશે. બાંધકામ પૂરૂ થયા બાદ અત્રેના સૂચનોની પુર્તતા બાબતે અત્રે ટેસ્ટીંગ માટે લેખિત અરજી કરવી જેથી અત્રેથી ઇન્સ્પેકશન / ટેસ્ટીંગ કરી શકાય.

૨૩. મહાનગરપાલિકાનાં નિયમો અને સૂચના અનુસાર તથા અત્રેના સૂચનો પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે.

૨૪. એક ફાયર લીફ્ટ તથા એક ઇમરજન્સી સ્ટેરકેસ જાહેર સલામતી માટે રાખવાના રહેશે. બાકીની લીફ્ટની સંખ્યા તથા સ્ટેરકેશની સંખ્યા ટાઉન પ્લાનીંગ શાખાના નિયમોને આધીન રહીને રાખવાનાં રહેશે.

૨૫. સદર બિલ્ડીંગ માટે પાછળથી વડોદરા મહાનગર સેવા સદનનાં ચીફ ઓફિસર (ફાયર) શ્રી તરફથી કે સરકારશ્રીનાં ધારા ધોરણ પ્રમાણે જાહેર સલામતી માટે જો કોઇ વધારાના સૂચનો હશે તો તેનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

૨૬. ફાયર ફાઇટીંગ સુવિધાઓની વિગત દર્શાવતું ડ્રોઇંગ પ્રમાણીત કરાવી કામ ચાલુ કરતાં પહેલા રજૂ કરવાનું રહેશે.

૨૭. GDCRની કલમ ૧૭.૨ ની પેટા કલમ નં.૫ પ્રમાણે ફાયર ફાઇટીંગ માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે બિલ્ડીંગની બહાર મહાનગર સેવા સદનની મુખ્ય પાણીની નળિકા ઉપર એક ફાયર હાઇડ્રન્ટ જરૂરી લાગત ભરી જે તે વોર્ડ ઓફીસમાં જરૂરી સાધનીક કાગળો રજૂ કરી બેસાડવાનોરહેશે જે માટેના જરૂરી સાધનીક પત્રો ફાઇનલ ટેસ્ટીંગ વખતે રજૂ કરવાનાં રહેશે.

૨૮. બિલ્ડીંગની બાઉન્ડ્રી વોલ તથા સ્ટ્રકચર વચ્ચે ફાયર ફાઇટીંગ માટેના વાહનો સહેલાઇથી ફરી શકે તે માટે કોઇપણ પ્રકારનો પાર્કીંગ શેડ બનાવવો નહીં.

૨૯. જો જી.ઇ.બી.નાં ટ્રાન્સફર્મર હોય તો તેને બાઉન્ડ્રી વોલ બનાવી ત્યાં એક નંગ ૫ કે.જી. ડીસીપી ફાયર એક્ષ્ટીંગયુઝર્સ રાખવું.

૩૦. દરેક ટાવરના બિલ્ડીંગના સૌથી ઉચા ભાગ ઉપર એપ્રુવ્ડ ટાઇપનું લાઇટનીંગ એરેસ્ટર લગાવવું.

૩૧. GDCR ની કલમ નં. ૧૭.૨ ની પેટા કલમ નં.૧ થી ૧૧ નું પાલન કરવાનું રહેશે.

૩૨. જે હેતુ માટે એન.ઓ.સી. આપવામાં આવેલ હોય તે જ હેતુ માટે બિલ્ડીંગનો વપરાશ કરવો અન્યથાં જો હેતુ ફેર થશે તો સદર એન.ઓ.સી. આપો આપ રદ ગણાશે.

૩૩. જો ગેટ બનાવવાનો હોય તો ગેટ ૬ મીટર પહોળાઇ તથા ૫ મીટર ઉંચાઇ વાળો બનાવવાનો રહેશે.

૩૪. એન.ઓ.સી. મળ્યા બાદ ત્રણ વર્ષમાં પૂર્ણ બાંધકામ કરવાનું રહેશે જો તેમ કરવામાં નહીં આવે તો સદર એન.ઓ.સી. રદ ગણાશે.

૩૫. રજુ કરેલ નકશામાં દર્શાવેલ રોડ વીશે કોઇ ખોટી માહિતી રજુ કરવામાં આવશે તો એન.ઓ.સી. રદ ગણવામાં આવશે.

૩૬. ફાયર સીસ્ટમનું કામકાજ શરૂ કરતાં પહેલાં જે તે એજન્સીને સદર એન.ઓ.સી.ની તમામ શરતોથી વાકેફ કરવા. અન્યથા આયોગ્ય રીતે તૈયાર થયેલ ફાયર ફાઇટીંગ સીસ્ટમ કેન્સલ કરી ફરી કામ લાગે તે રીતે સીસ્ટમ બનાવવા માટેની ફરજ પાડવામાં આવશે અને ત્યાર બાદ જ ફાયનલ એન.ઓ.સી. આપવામાં આવશે. કોઇપણ કન્સલટન્ટ નકકી કરો તો તેનાં ભણતર, જ્ઞાન તથા અનુભવના આધારે નકકી કરો અયોગ્ય કન્સલટન્ટ દ્વારા તેઓનાં મનધડંત ડીઝાઇન બનાવવાની બાબત ધ્યાનમાં આવશે તો તે ફાયનલ એન.ઓ.સી. મેળવવામાં અસરકર્તા રહેશે. ફાયર ફાઇટીંગ સીસ્ટમનું ડ્રોઇંગ અત્રે પ્રમાણીત કરાવવાનું રહેશે.

૩૭. બિલ્ડીંગના બાંધકામ માટે સ્ટ્રકચરલ સ્ટેબીલીટીનો ટેસ્ટ રિપોર્ટતથા સ્ટ્રકચરલ એન્જીનીયરનું સર્ટીફીકેટ રજૂ કરવું.

૩૮. સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રીનું સર્ટીફીકેટ રોડ, ટાંકી તથા ડ્રેનેજનાં ઢાંકણાની મજબુતાઇ માટે રજૂ કરવાનું રહેશે.

૩૯. ફલોર એરિયા વધારે હોય તેવા સંજોગોમાં દાદર દીઠ રાઇઝર લાઇન મૂકવાની રહેશે.

૪૦. દરેક ટાવરની રાઇઝર લાઇન પર આઇસોલેશન વાલ્વ તથા ટુ વે કલેકટીંગ હેડ લગાવવાનો રહેશે.

૪૧. ફાઇનલ એન.ઓ.સી. લેતાં પહેલાં ફાયર ફાઇટીંગ સીસ્ટમ ઇન્સ્ટોલ કરતાં પહેલા અત્રેની શાખાએ ફાયર ફાઇટીંગ સીસ્ટમનાં નકશા એપ્રુવલ અર્થે રજૂ કરવા.

૪૨. ટાવર દીઠ એક લાખ લીટરની ક્ષમતા વાળી એક અથવા અલગ અલગ પરંતુ આંતરીક જોડાણ વાળી અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી અનુકુળતાં પ્રમાણે બનાવવી તથા એક થી વધુ ટાવર હોવાનાં કીસ્સામાં નિયમાનુસાર અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી બનાવવી. પરંતુ દરેક ટાવરમાં ફાયર ફાઇટીંગ સીસ્ટમ અલગ રહેશે એટલે કે, દાદર પ્રમાણે રહેશે અને આ સંજોગોમાં કોઇપણ એક ટાવરની સીસ્ટમ અથવા એક થી વધારે સીસ્ટમ અથવા એક સાથે બધી સીસ્ટમ ચાલુ થઇ શકે અને વપરાઇ શકે તેવી વ્યવસ્થા કરવી.

૪૩. બેઝમેન્ટમાં સ્મોક મેનેજમેન્ટની યોગ્ય વ્યવસ્થા જરૂરીઆત પ્રમાણે સ્મોક ડીટેકટર સાથે સંકળાયેલ હોય તેમ રાખવી જેથી ઇમરજન્સીમાં કામગીરી થઇ શકે.

૪૪. બેઝમેન્ટ, સેમી બેઝમેન્ટ, સેકન્ડ બેઝમેન્ટ જેવા તમામ બેઝમેન્ટ વિસ્તારમાં પોઝીટીવ પ્રેસર બની રહે તેમ વ્યવસ્થા કરવી.(જેટ ફેન મૂકી સ્મોક ડકટ દ્વારા સ્મોક મેનેજમેન્ટ સીસ્ટમ જરૂરીઆત પ્રમાણે મૂકવી.)

૪૫. એકસર્ટનલ સ્ટેરકેસની વ્યવસ્થા બિલ્ડીંગની ડિઝાઇન અનુસાર કરવાની રહેશે.

૪૬. મંજુર કરેલ નકશામાં દર્શાવેલ બાંધકામ પુરતુ એન.ઓ.સી. મર્યાદીત રહેશે.

૪૭. જો સદર બિલ્ડીંગમાં એલીવેશન માટે (આગળ, જમણી, તથા ડાબી બાજુએ, બન્ને બાજુ) ગ્લાસ એલીવેશન / ACP / ગ્લાસ પર્ટીશન, રાખવાનું હોય તો નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર ફાયર રેટીંગ હોવા જરૂરી છે તેમજ તેનું સર્ટી. રજૂ કરવાનું રહેશે.

૪૮. ગ્લાસ ફસાર્ડે બિલ્ડીંગમાં ફલોર ટુ ફલોર સ્પેશ કવરીંગ કંસ્ટ્રકશન (સીલ્ડન્ટ વર્ક) નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર કરવાનું રહેશે.

૪૯. બિલ્ડીંગમાં કવર સ્ટેરકેશ વગેરે બિલ્ડીંગોમાં ફલોર ટુ ફલોર ઇલેકટ્રીક વાયરીંગ ડકડ / શાફટ નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર ફાયર રીટારડન્ટ મટીરીયલથી સીલ્ન્ટ કરવાનું રહેશે.

૫૦. બેઝમેન્ટમાં સ્ટેરકેશ સીડી ગ્રાઉન્ડ ફલોર પર જઇ શકે તેવી જરૂરીઆત પ્રમાણેની વ્યવસ્થા કરવી.

૫૧. ઇમરજન્સી એકઝીટ સાઇન નેશનલ બિલ્ડીંગ કોડ પાર્ટ ૪.૨.૭ અને I/S ૯૪૫૭ / ૧૯૮૦ પ્રમાણે કરવાના રહેશે.

૫૨. સ્કાઇ લાઇટ વાયરડ ગ્લાસ એટલીસ્ટ અડધો કલાકનાં ફાયર રેજીસ્ટંટ રેટીંગ વાળા એન.બી.સી કોડ પ્રમાણે રાખવા અને તેના સર્ટી. રજૂ કરવા.

૫૩. નેશનલ બિલ્ડીંગ કોડ પાર્ટ-૮ પ્રમાણે બેઝમેન્ટમાં સ્મોક મેનેજમેન્ટ (એ.એચ.યુ., એચ.વી.એ.સી., મીકેનીકલ એકઝોસ્ટની યોગ્ય વ્યવસ્થા રાખવી જેથી ઇમરજન્સીમાં કામગીરી થઇ શકે.

૫૪. ફાયર સેફટી માટે નકશામાં બતાવેલ રસ્તાઓ પરથી હાઇડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મથી ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરી માટે ઓપરેટ થઇ શકે તે માટે પૂરતી પહોળાઇ, લંબાઇ તથા કોઇપણ પ્રકારનાં અડચણ વિનાનો ખુલ્લો રસ્તો રાખવાનો રહેશે તથા બે ટાવર વચ્ચે જો સુરક્ષીત અંતર જળવાતુ નહીં હોય તો અને ફાયર સેફટીનાં વ્હીકલ ઓપરેટ થઇ શકે નહીં, તેવા સંજોગોમાં ફાયનલ એન.ઓ.સી. આપી શકાય નહીં.

૫૫. HFL લેવલ મેઇન્ટેન કરી બાંધકામ કરવું.

૫૬. બેઝમેન્ટ HFL લેવલથી ઇફેકટ કરતાં પ્લોટોમાં ભરાયેલ પાણી (બેઝમેન્ટ લેવલ / લોવર લેવલ / ગ્રાઉન્ડ લેવલ થી ડી-વોટરીંગ માટે પમ્પીંગની વ્યવસ્થા કરવાની રહેશે

સદર બિલ્ડીંગમાં હોસ્પિટલ / હોટલ/ સ્કૂલ/ ઓડિટોરિયમ(એસેમ્બ્લી) જેવા સ્પેશયલ સિવાય ના બિલ્ડીંગ માટે ઉપરોકત સૂચનો કરેલ છે. જો ઉપરોકત સ્પેશયલ પ્રકારના બિલ્ડીંગ કરવાના હશે તો અલગ સૂચનો (પરવાનગી લેવાની રહશે) સદર કલસ્ટર પ્રોજેક્ટ ના મંજુર થયેલ નકશા માં દર્શાવેલ બાંધકામ સીવાય ની એમીનીટીઝો જેવીકે સ્વીમીંગ પૂલ/જીમ/ થીએટર/ કલબ હાઉસ વીગેરે..માટે ફાયનલ NOC લેતી વખતે જાણ કરી સદર સુવિધાઓ માટે પણ ફાયર ની સુવિધાઓ રાખવાની અલગથી જોગવાઈ કરવાની રહેશે,

હ. ચીફ ઓફિસર (ફાયર)
મહાનગરપાલિકા
વડોદરા